

**વિધાનસભામાં ગાંધીનગર**

- પ્રકાશ જહા

# વ્યાજખોરો સામેની ઝુંબેશ અંતર્ગત જિલ્લામાં ૪૨ સ્થાનોએ લોકદરબાર યોજાયા

## ‘ક’ ટાઈપના બંગલાઓની ભાડા વસુલાત બાકી નથી

ગાંધીનગર, તા. ૧૧

આજે શનિવારના દિવસે પણ ગૃહની બેઠક ચાલુ હતી. આજની બેઠકમાં અંદાજપત્ર પરની વિભાગવાર માંગણીઓ શરૂ થઈ છે. પ્રથમ દિવસે નર્મદા અને જળ સંપત્તિ વિભાગ તેમજ વિભાગની માંગણીઓ રજુ થઈ હતી. જે ચર્ચાને અંતે પસાર કરવામાં આવી હતી.

ગૃહમાં આજે સામાન્ય વહીવટ વિભાગ, વહીવટી સુધારણા, ગૃહ, મહેસુલ, પાટનગર યોજના, માર્ગ-મકાન, રમત-ગમત, યુવક સેવા, વાહન-વ્યવહાર, જેલ સરહદી સુરક્ષા વિભાગના પ્રશ્નો પ્રશ્નોત્તરીમાં સમાવવામાં આવ્યા હતા.

- **જિલ્લામાં સ્પોર્ટસ સ્કૂલ યોજનાનો લાભ**

ભાજપના ગાંધીનગર (દ)ના ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં સ્પોર્ટસ સ્કૂલ યોજના અંતર્ગત ખેલાડીઓને લાભ અંગે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં રમત-ગમત મંત્રીએ જણાવ્યુ હતુ કે ૩૧-૧૨-૨૨ની સ્થિતિએ જિલ્લામાં જિલ્લાકક્ષા સ્પોર્ટસ સ્કૂલ યોજના અંતર્ગત બે શાળા આવેલી છે.

૩૧-૧૨-૨૨ની સ્થિતિએ આ બે શાળામાં ૩૦૩ ખેલાડીઓએ યોજનાનો લાભ લીધો છે. આ માટે રૂ. ૪૩ કરોડ ૭૮ લાખ, છન્નુ હજાર સોળનો ખર્ચ છેલ્લા બે વર્ષમાં ખેલાડીઓ પાછળ કરવામાં આવ્યો છે.

- **મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે જમીન સંપાદન**

ભાજપના ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય રીટાબેન પટેલે અમદાવાદ-ગાંધીનગર મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે જમીન સંપાદન અંગે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે ૩૧-૧૨-૨૨ની સ્થિતિએ અમદાવાદ-ગાંધીનગર મેટ્રોરેલ પ્રોજેક્ટ માટે ગાંધીનગર જિલ્લામાં ખાનગી જમીન સંપાદન કરવાની થતી નથી.

- **લોકદરબાર યોજ્યા**

માણસાના ભાજપના સભ્ય જે.એસ. પટેલ અને નિઝરના ધારાસભ્ય ડૉ. જયરામભાઈ ગામિતે ગાંધીનગર અને તાપી જિલ્લામાં વ્યાજખોરો વિરૂધ કરાયેલ ઝુંબેશ અંગે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં ગૃહમંત્રીએ જણાવ્યુ છે કે ૩૧-૧-૨૩ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં ૪૨ લોકદરબાર યોજવામાં આવ્યા છે.

- **‘ક’ ટાઈપના બંગલાની વસુલાત**

જામજોધપુરના હેમંતભાઈ આહિરે ગાંધીનગરમાં ‘ક’ ટાઈપના સરકારી આવાસો પેટે ભાડા વસુલાતની બાકીને લઈ પુછેલા પ્રશ્નના ઉત્તરમાં માર્ગ મકાન મંત્રીએ જણાવ્યુ છે કે ‘ક’ ટાઈપના બંગલા પૂર્વ મંત્રીઓને ફાળવવામાં આવે છે. ૩૧-૧૨-૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૪ પૂર્વ મંત્રીઓને આ બંગલાની ફાળવણી કરવામાં આવી છે. આ બંગલાઓની ફાળવણી બાદ આર્થિક ભાડાનો દર ભાડા પેટે વસુલવામાં આવે છે. ૩૧-૧૨-૨૨ની સ્થિતિએ કોઈ રકમ ભાડા પેટે વસુલવાની બાકી નથી તેમ મંત્રીએ સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે.

- **અને છેલ્લે...**

ભૂજના ધારાસભ્ય કેશુભાઈ પટેલે રાજ્યમાં પડતર ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ અંગે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે ૩૧-૧-૨૩ની સ્થિતિએ મુસદ્દારૂપ નગરરચના યોજનાઓ ૨૨ મંજૂરી માટે પડતર છે. છેલ્લા એક વર્ષમાં ૩૯ નગરરચના યોજનાને મંજૂરી આપવામાં આવી છે.

# સહયોગ સંકુલમાં પાણી લીકેજીસ અને ગટર ઉભરાવવાની ગંભીર સમસ્યા

## પાર્કિંગ માટેના બેઝમેન્ટમાં પાણી ભરાતા નિકાલ માટે ખાસ મોટર મુકી સફાઈ કરવામાં આવે છે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લાની જિલ્લાકક્ષાની કચેરીઓ માટે બનાવવામાં આવેલ સહયોગ સંકુલમાં ગટરલાઈન અને પાણી લીકેજીસની સમસ્યાથી કર્મચારીઓ તંગ આવી ગયા છે.

ભોંયરામાં બનાવવામાં આવેલ પાર્કિંગમાં ગટરલાઈન સતત ઉભરાતી હોવાથી અહિ વાહનો પાર્ક કરવાની પણ સમસ્યા ઉભી થાય છે. અહિ ઉભરાતા પાણીની સફાઈ માટે ખાસ મોટર મુકી અને પછી તે ખુલ્લામાં છોડી દેવામાં આવે છે.

આ સંકુલમાં ઘણી કચેરીઓના શૌચાલયોની બહાર નોટીસ લગાવવામાં આવી છે કે પાણી લીકેજ થતુ હોવાથી આવતાં-જતાં તેમજ પાણીના ઉપયોગને લઈ સાવચેતી રાખવી.

ગાંધીનગર શહેરમાં એક તરફ પાર્કિંગની તેમજ બીજી તરફ ગટરો ઉભરાવવાની સમસ્યાની ફરિયાદો સતત વધી રહી છે. સેક્ટરોમાં ફરિયાદોના નિવારણ માટે ઉભી કરાયેલ ઈન્કવાયરી કચેરીઓ પણ કર્મયોગીઓના અભાવે લગભગ નિષ્ક્રીય બની ગઈ છે.

ગાંધીનગર શહેરમાં બહુમાળી સેવા (એમ. એસ. બિલ્ડીંગ) સદનમાં પણ સતત ગટર ઉભરાવવાની ઘટનાઓ અનેકવાર અખબારોના પાને ચમકી ચુકી છે તો હવે સહયોગ સંકુલનો પણ આવી જ ફરિયાદોને પગલે સમાવેશ થયો છે. જિલ્લા પંચાયતમાં પણ ગટરો ઉભરાવવાની સમસ્યા ઉભી થઈ છે અને તે પણ અખબારોમાં ચમકી ચુકી છે.

શહેરમાં પાર્કિંગની વિકરાળ સમસ્યા વચ્ચે પાકિંગ માટે ઉભા કરાયેલા ભોંયરામાં પણ પાણી ભરાઈ જવાની ઘટના હવે સામે આવી છે. આ પાણીની સફાઈ માટે મોટર મુકવામાં આવી છે.

# ગાંધીનગર જિલ્લાના ખેલાડી દીઠ સરકારનો વાર્ષિક આશરે રૂ.૭૯ હજારનો ખર્ચ

## જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કૂલ યોજના અંતર્ગત કુલ ૨ શાળાઓના કુલ ૩૦૩ ખેલાડીઓ પાછળ છેલ્લાં બે વર્ષમાં રૂ.૪,૭૮,૯૬,૦૧૬/- ખર્ચ કરાયો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર જિલ્લામાં સ્પોર્ટસ સ્કૂલ યોજના અંતર્ગત ખેલાડીઓને મળતા લાભ અંગે ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે આજે વિધાનસભામાં પૂછેલા લેખિત સવાલમાં તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કૂલ યોજના અંતર્ગત કેટલી શાળાઓ આવેલી છે, આ શાળાઓમાં ઉક્ત સ્થિતિએ કેટલા ખેલાડીઓએ આ યોજનાનો લાભ લીધેલ છે, અને આ યોજના અંતર્ગત આ શાળાઓમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેલાડીઓ પાછળ કેટલો ખર્ચ થયેલ છે તે અંગે વિગતો માંગી હતી. આ સવાલના લેખિત જવાબમાં રમત-ગમત મંત્રી(રાજ્યકક્ષા)એ જણાવ્યું હતું કે જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કૂલ યોજના અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં કુલ ૦૨ (બે) શાળાઓ આવેલી છે જેમાં કુલ ૩૦૩ ખેલાડીઓ પાછળ છેલ્લાં બે વર્ષમાં રૂ.૪,૭૮,૯૬,૦૧૬/- (અંકે રૂપિયા ચાર કરોડ ઈઠ્યોતેર લાખ છન્નુ હજાર સોળ પૂરા)નો ખર્ચ કરવામાં આવ્યો છે, જેનો મતલબ છે કે જિલ્લા કક્ષાસ્પોર્ટસ સ્કૂલ યોજના અંતર્ગત ગાંધીનગર જિલ્લાના પ્રત્યેક ખેલાડી પાછળ છેલ્લાં બે વર્ષમાં પ્રતિ ખેલાડી દીઠ રૂ.૧,૫૮,૦૭૩/-નો ખર્ચ રાજ્ય સરકાર કર્યો હતો એટલે કે પ્રતિવર્ષ ખેલાડી દીઠ આશરે રૂ.૭૯ હજારનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે.

ગાંધીનગર સમાચારને જન્મદિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ...



ડૉ. હિમાંશુ પટેલ

ટ્રસ્ટી, સરદાર પટેલ સ્મારક, શાહીબાગ, અમદાવાદ

ડિરેક્ટર, ગાંધીનગર નાગરિક કો. ઓ. બેંક લિ.

પ્રવકતા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિત

ગાંધીનગર સમાચાર ૩૭ વર્ષની સફળ સમાચાર યાત્રા પૂર્ણ કરી ૩૮મા વર્ષમાં મંગલ પ્રવેશ કરે છે તે બદલ હાર્દિક શુભકામના..
અભ્યાસુ, સચોટ રિપોર્ટીંગ અને વરિષ્ઠ પ્રભુત્વના લેખોના સંકલન સાથે ગાંધીનગર સમાચાર પાટનગરનું પોતાનું અખબાર બન્યું છે.
જન્મ દિન નિમિત્તે લાખ લાખ શુભકામના..



શૈલેષ એસ. ભાટીયા

(પ્રમુખ : જાયન્ટ્સ ગ્રૃપ ઓફ બાયડ)

બાયડ, જિ.અરવલ્લી



દિનેશ આર. નાયક

કવિ “અક્ષર”

સરડોઈ, તા.મોડાસા

શુભેચ્છક

પરીધી એન્ડ પરિવાર